# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी, वेरावलम्

# सत्रान्तपरीक्षा, एप्रिल-२०१६

**कक्षा - शिक्षाशास्त्री** **प्रश्नपत्र-६ – SSC2** **गुणाः -३५**

**विषयः - ગુજરાતી વિષયવસ્તુ** **समयः - ११:०० तः १२:३०**

**दिनाङ्कः - २३-०४-२०१६**

---

**પ્રશ્ન : ૧** **નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **૧૨**

*૧ ઘર શાંત કેમ થઇ ગયું ?*

*૨ કવિ આવનારી કાલને શું શું આપવા માંગે છે ?*

*૩ અંજન કેવી વ્યથા અનુભવે છે ?*

*૪ વલ્લભભાઈને 'સરદાર' નું બિરુદ કોણે અને ક્યારે આપ્યું ?*

*૫ શ્રીકૃષ્ણના વૈભવનું વર્ણન કરો*

*૬ 'વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકીલી નથી અબવતી સાથે એના લાવ લશ્કરને લાવે છે' એવું લેખિકા કોના સંદર્ભમાં કહે છે ?*

**પ્રશ્નઃ -૨ (અ)** **નીચેનામાંથી ગમે તે એક સાહિત્યકારના જીવન-કવનને આલેખતી વિસ્તૃત નોંધ તૈયાર કરો** **૦૫**

*૧) નર્મદ*

*૨) મીરાબાઈ*

**પ્રશ્નઃ -૨ (બ)** **નીચેનામાંથી ગમે તે એક સાહિત્ય સ્વરૂપ વિશે માહિતી આપો.** **૦૫**

*૧) સોનેટ*

*૨) એકાંકી*

**પ્રશ્નઃ -૩ (અ)** **નીચેનામાંથી ગમે તે એક લેખનકાર્ય કરો.** **૦૬**

*૧ તમારે ત્યાં યોજાયેલ કોઇ એક કાર્યક્રમની વિગતે વર્ણન કરતો અહેવાલ તૈયાર કરો.*

*૨ બી.એડ કોલેજમાં તમારા અધ્યાપકોએ આપેલ દાર્શનિક પાઠની વિગતો તમારા શબ્દોમાં વર્ણવતો પત્ર તમારા પિતાશ્રીને લખો.*

**પ્રશ્નઃ -૪** **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. ગમે તે સાત** **૦૭**

*૧ ઉપેન્દ્ર ઓચિંતો પડી ગયો- વાક્યમાં ક્રિયાવિશેષણ દર્શાવનારું પદ કયું ?*

*(અ) ઉપેન્દ્ર (બ) ઓચિંતો (ક) પડી (ડ) ગયો*

*૨ મારે તો શરબત જ પીવું છેઈ – વાક્યમાં રેખાંકિત પદ કયા પ્રકારનો નિપાત છે ?*

*(અ) ભાવવાચક (બ) સીમાવાચક (ક) વિનયવાચક (ડ) પ્રકીર્ણ*

*૩ પરીક્ષા હોવા છતાં ફિલ્મ જોઈ- વાક્યમાંથી સંયોજક શોધો.*

*(અ) હોવા (બ) છતાં (ક) ફિલ્મ (ડ) જોઈ*

*૪ દ્વિગુ સમાસ ન હોય તેવો શબ્દ શોધો.*

*(અ) પંચવટી (બ) ચોઘડીયું (ક) સપ્તપદી (ડ) એક બે*

૫‘અપાર’ સામાસિક શબ્દનો વિગ્રહ કરો.
(અ) જેનો અંત નથી તે (બ) જેનો પાર નથી તે (ક) અત્યતં પાર છે તે (ડ) આંખોથી પાર છે તે

૬ જુદા જુદા અર્થવાળા શબ્દો સરખા મહત્ત્વના હોય ત્યારે કયો સમાસ બને.
(અ) દ્વન્દ્વ (બ) દ્વિગુ (ક) કર્મધારય (ડ) બહુવ્રીહિ

૭ નીચેનામાંથી બહુવ્રીહિ સમાસ ઓળખાવો.
(અ) તપોધન (બ) ચંદ્રવદન (ક) પ્રજાસત્તાક (ડ) આજીવન

૮ નીચેનામાંથી કર્મધારય સમાસ ઓળખાવો.
(અ) અતિવૃષ્ટિ (બ) સજ્જન (ક) વરાળયંત્ર (ડ) ઋણમુક્ત